# ગુજરાત રાજયની (સરદારકૃષિનગર, આણંદ, જૂનાગઢ, નવસારી) કૃષિ યુનિવર્સિટીઓમાં ડીપ્લોમા અભ્યાસક્રમમાં ઉતિર્ણ થયેલ વિદ્યાર્થીઓને D to D અભ્યાસક્રમમાં પ્રવેશ માટેની અગત્યની સૂચના

- ગુજરાત રાજ્યની કૃષિ યુનિવર્સિટીઓ (સરદારકૃષિનગર, આણંદ, જૂનાગઢ તથા નવસારી) માંથી ઉત્તીર્ણ થયેલ ત્રણ વર્ષના ડિપ્લોમા કોર્ષના જે વિદ્યાર્થીઓ ડિપ્લોમા માંથી ડિગ્રી પ્રોગ્રામ હેઠળ સંલગ્ન ડિગ્રી કોર્ષમાં પ્રવેશ મેળવવા ઈચ્છતા હોય અને તે માટેની તેમણે **d2d.gsauca.in** વેબસાઈટ ઉપરથી **તા. ૧૬/૦૬/૨૦૨૫ થી તા. ૩૦/૦૬/૨૦૨૫** દરમ્યાન જરૂરી ફોર્મ ફી પેટે ઓનલાઇન ₹ ૩૦૦/- (અંકે રૂપિયા ત્રણસો પુરા) ભરી ફોર્મ ભરવાનું રહેશે.

- ઉમેદવારે ઓનલાઈન ફોર્મ ભર્યા બાદ તેની પ્રિન્ટ લઈ ફોર્મમાં દર્શાવેલ વિગત મુજબ પ્રમાણપત્રો સાથે R.P.A.D./SPEED POST/રૂબરૂમાં **(તા.૦૪/૦૭/૨૦૨૫)** સુધીમાં કુલસચિવશ્રી, સરદારકૃષિનગર દાંતીવાડા કૃષિ યુનિવર્સિટી, સરદારકૃષિનગર–**૩૮૫૫૦૬ તા. દાંતીવાડા, જી. બનાસકાંઠા** ખાતે જમા કરવાનું રહેશે**.** પ્રવેશ પરીક્ષા માટેના ઓનલાઈન ફોર્મ ભરતી વખતે નક્કી કરવામાં આવેલ ચાર પરીક્ષા કેન્દ્રો (સરદરકૃષિનગર , આણંદ, જૂનાગઢ, નવસારી) પૈકી કોઈપણ એક કેન્દ્રની પસંદગી વિદ્યાર્થી જાતે જ ફોર્મમાં દર્શાવવાની રહેશે, અને ત્યારબાદ ફોર્મ ઓનલાઈન સબમિટ કરવાનું રહેશે. પ્રવેશ માટે લાયકાત ધરાવતા વિદ્યાર્થીઓની યાદી તથા તેમણે પસંદ કરેલ પરીક્ષા કેન્દ્રની માહિતી **તા.૦૮/૦૭/૨૦૨૫**ના રોજ વેબસાઇટ **d2d.gsauca.in** ઉપર મૂકવામાં આવશે. જે વિદ્યાર્થીઓની યાદી વેબસાઇટ ઉપર મૂકવામાં આવેલ છે તે જ વિદ્યાર્થીઓએ **તા.૧૩/૦૭/૨૦૨૫**ના રોજ ઓનલાઈન પરીક્ષા માટે પસંદગી કરેલ પરીક્ષા કેન્દ્ર ખાતે અચૂક સ્વખર્ચે હાજર રહેવાનુ રહેશે.

**ખાસ નોંધ:**

- વધુમાં બેંકમાં ભરેલ ચલણની નકલ, ભરેલ ફોર્મની નકલ તેમજ ફોટો આઇ.ડી. પોતાની સાથે રાખવાનું રહેશે.

**ડીપ્લોમા માંથી ડીગ્રી અભ્યાસક્રમોમાં પ્રવેશ માટેની ન્યુનત્તમ લાયકાત**

| કેટેગરી | ડીપ્લોમા માંથી ડીગ્રી અભ્યાસક્રમોમાં પ્રવેશ માટે ન્યુનતમ OGPA |
|---|---|
| GENERAL / SEBC / EWS | 5.5 |
| ST / SC | 5.0 |

રાજયની (સરદારકૃષિનગર, આણંદ, જૂનાગઢ, નવસારી) કૃષિ યુનિવર્સિટીઓ હસ્તકની પોલીટિકનીક ડીપ્લોમા પરીક્ષા પાસ કરનાર વિદ્યાર્થીઓને જ ડીપ્લોમામાંથી ડીગ્રી અભ્યાસક્રમોમાં નીચે જણાવેલ જે તે ફેકલ્ટીની કોલેજોમાં સ્નાતક કક્ષાએ ત્રીજા સેમેસ્ટરમાં (બીજા વર્ષમાં) પ્રવેશ મળવાપાત્ર રહેશે.

નીચે મુજબના સ્નાતક કક્ષાના અભ્યાસક્રમોમાં પ્રવેશ મેળવવા ક્રમ નં. ૧ થી ૬ માટે અલગ અલગ ફોર્મ ભરવાનાં રહેશે.

| **ક્રમ નં.** | **સ્નાતક અભ્યાસક્રમનું નામ** | **લાયકાત માટે જરૂરી પોલીટેકનિક અભ્યાસક્રમ** |
|---|---|---|
| **૧.** | કૃષિ | • કૃષિ |
| **૨.** | ફૂડ ટેકનોલોજી | • કૃષિ ઈજનેરી<br>• એગ્રો પ્રોસેસીંગ<br>• ફૂડ ટેકનોલોજી અને ન્યુટ્રીશન |
| **૩.** | કોમ્યુનિટી સાયન્સ | • ન્યુટ્રીશન એન્ડ કોમ્યુનિટી સાયન્સ |
| **૪.** | કૃષિ ઈજનેરી /<br>રીન્યુએબલ એનર્જી એન્ડ એન્વાયર્નમેન્ટલ એન્જી. | • કૃષિ ઈજનેરી<br>• એગ્રો પ્રોસેસીંગ |
| **૫.** | બાગાયત | • બાગાયત |
| **૬.** | ફૂડ ન્યુટ્રીશન અને ડાયેટેટીક્સ | • ફૂડ ટેકનોલોજી અને ન્યુટ્રીશન<br>• ન્યુટ્રીશન એન્ડ કોમ્યુનિટી સાયન્સ |

**નોંધ:**

| | |
|---|---|
| (૧) | ડિપ્લોમા ઈન કૃષિ ઈજનેરીના વિદ્યાર્થીઓને બી.ટેક (કૃષિ ઈજનેરી / રીન્યુએબલ એનર્જી એન્ડ એન્વાયર્નમેન્ટલ એન્જી.) માટે તેમજ બી.ટેક (ફૂડ ટેકનોલોજી) માટે ઇચ્છુક ઉમેદવારોએ બંને અભ્યાસક્રમ માટે અલગ અલગ ફોર્મ ભરવાના રહેશે. |
| (૨) | ડિપ્લોમા ઈન ફૂડ ટેકનોલોજી અને ન્યુટ્રીશન ના વિદ્યાર્થીઓએ બી.એસસી. (ફૂડ ન્યુટ્રીશન અને ડાયેટેટીક્સ) માટે તેમજ બી.ટેક. (ફૂડ ટેકનોલોજી) માટે ઇચ્છુક ઉમેદવારોએ બંને અભ્યાસક્રમ માટે અલગ અલગ ફોર્મ ભરવાના રહેશે. |
| (૩) | ડિપ્લોમા ઈન ન્યુટ્રીશન એન્ડ કોમ્યુનિટી સાયન્સના વિદ્યાર્થીઓએ બી.એસસી.(કોમ્યુનિટી સાયન્સ) તથા બી.એસસી. (ફૂડ ન્યુટ્રીશન અને ડાયેટેટીક્સ) માટે અલગ - અલગ ફોર્મ ભરવાના રહેશે. |

## ફોર્મ સાથે જોડવાના થતાં પ્રમાણપત્રોની નકલો

**ઓનલાઈન ફોર્મ ભર્યાની પ્રિન્ટ લઈ ફોર્મમાં દર્શાવેલ પ્રમાણપત્રો ની નકલો સાથે R.P.A.D./SPEED POST/રૂબરૂમાં કુલસચિવશ્રી, સરદારકૃષિનગર દાંતીવાડા કૃષિ યુનિવર્સિટી, સરદારકૃષિનગર–૩૮૫૫૦૬, તા. દાંતીવાડા, જી. બનાસકાંઠા ખાતે તા. ૦૪/૦૭/૨૦૨૫ સુધીમાં જમા કરવાનું રહેશે.**

| | |
|---|---|
| ૧. | પ્રવેશ ચલણ ફોર્મ |
| ૨. | જન્મનો દાખલો / સ્કૂલ લિવીંગ સર્ટિફિકેટ |
| ૩. | ધોરણ-૧૦ માર્કશીટ |
| ૪. | પોલીટેકનીક માર્કશીટ – ( ૧ થી ૬ ) સેમેસ્ટર, ટ્રાન્સક્રિપ્ટ |
| ૫. | જાતિનો દાખલો (લાગુ પડતુ હોય તો) |
| ૬. | નોન ક્રિમિલેયર સર્ટીફિકેટ (લાગુ પડતુ હોય તો) (તા. ૦૧-૦૪-૨૦૨૩ થી ૦૪-૦૭-૨૦૨૫ સુધીનું માન્ય હોય તેવું નોન ક્રિમિલેયર સર્ટીફિકેટ રજૂ કરવાનું રહેશે. |
| ૭. | EWS સર્ટીફિકેટ (લાગુ પડતુ હોય તો) (વિદ્યાર્થીઓ એ જારી કરેલ કેટેગરી સર્ટીફિકેટ તા. ૦૪/૦૭/૨૦૨૫ સુધીનું રજૂ કરવાનું રહેશે. |
| ૮. | આધારકાર્ડ |

* તમામ પ્રમાણપત્રોની નકલો સ્વપ્રમાણિત કરી ફોર્મ સાથે જોડવાની રહેશે